सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ કર્યાની તારીખ | ૦૫/૦૮/૨૦૧૯ | | |
| રજી. કર્યાની તારીખ | ૦૫/૦૮/૨૦૧૯ | | |
| ફેસલ કર્યાની તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૯ | ૨૪ |

---

**મે. બીજા એડી.સિની. સિવીલ જજ અને એડી ચીફ જયુ.મેજી.સાહેબની કોર્ટમાં મું.જામનગર**

---

ફોજદારી કેસ નં. ૬૯૧૧/૨૦૧૯

આંક:-

**ફરીયાદી :-** **મયુદીન નુરમામદ વારીયા**
ઉ.વ.૨૭, ધંધો-વેપાર
રહે. ખોજા ગેઈટ પાસે,
જામનગર

**વિરૂધ્ધ**

**આરોપી :-** **(૧) રૂષભ મેટલ્સ**
**(૨) કૃષ્ણકાંત અજુડીયા**
ઉ.વ. પુખ્ત ,ધંધો-વેપાર
રહે. જી.આઈ.ડી.સી. ફેસ ૩,
દરેડ, પ્લોટ નં. ૬૨૭, પટેલ ચોક,
દરેડ, જામનગર

**ગુનો :- ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે**

---

ફરીયાદ પક્ષે :- વિ. વકીલ શ્રી એ.એસ.ગાંધી

આરોપી પક્ષે :- વિ. વકીલ શ્રી એ.એ.ગોદર

---

**-:ચુકાદો:-**

## (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :-

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીને આરોપી સાથે ઓળખાણ પરીચય હોય અને આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસેથી માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) હાથઉછીના આપેલ. આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની માંગણી કરતાં આરોપીએ તેના પેઢીના બેંક એકાઉન્ટનો ફરીયાદીને સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, દરેડ શાખા, જામનગરનો રૂ.૩,૦૦,૦૦૦/- નો તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજનો ચેક નં. ૯૮૬૦૫૫ વાળો આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તેના જણાવેલ સરનામે તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે માંગણા નોટીશ આરોપી પેઢી તથા તેના માલીક આરોપી નં. ૨ ને તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ બજી ગયેલ હોવાછતાં આ કામના આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકની રકમ નિર્ધારીત કરેલ સમયમર્યાદામાં ફરીયાદીને ન ચુકવી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ (કે જેને હવે પછીથી ટુંકમાં *"અધિનિયમ,૧૮૮૧"* તરીકે સંબોધેલ છે) ની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોય તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ લેખીત ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે અને

આરોપી વિરૂધ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

**(૨) કોર્ટ કાર્યવાહી :–**

આ કામે ફરીયાદીની લેખીત ફરીયાદ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ દાખલ થતાં અદાલત દ્વારા ફરીયાદીની ફરીયાદ સંદર્ભે વેરીફીકેશન નોંધ્યા બાદ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન લઇ ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ (કે જેને હવે પછીથી ટુંકમાં *"સંહિતા–૧૯૭૩"* તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૦૪ અન્વયે આરોપી વિરૂધ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનાના સમન્સ ઇશ્યુ કરતાં આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે. આ અદાલત ધ્વારા આરોપીને ફરીયાદપક્ષના આધારભુત પુરાવાની નકલ વિનામુલ્યે આપવામાં આવેલાનું સુનિશ્ચિત કર્યા બાદ આરોપીનું ગુના સંબંધે આંક–૧૦ થી નિવેદન નોંધવામાં આવેલ છે, જે નિવેદનમાં આ કામના આરોપી દ્વારા તેના વિરૂધ્ધના ગુનાનો ઇન્કાર કરવામાં આવેલ છે. આથી સદર કામે આરોપી સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો:–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે;

**– : મૌખીક પુરાવો :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી મચુદીન નુરમામદ વારીયાની સોગંદનામાંથી જુબાની | ૦૫ |

## –: દસ્તાવેજી પુરાવા :–

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ચેક નં. ૯૮૬૦૫૫ ની અસલ | ૧૪ |
| ૨. | ચેક નં. ૯૮૬૦૫૫ નો રીટર્ન મેમો અસલ | ૧૫ |
| ૩. | આરોપીને મોકલાવેલ માંગણા નોટીસની સ્થળપ્રત | ૧૬ |
| ૪. | આરોપી નં. ૧ ને માંગણા નોટીસ રજી.પોસ્ટ એડી. કર્યાની પહોંચની અસલ | ૧૭ |
| ૫. | આરોપી નં. ૨ ને માંગણા નોટીસ રજી.પોસ્ટ એડી. કર્યાની પહોંચની અસલ | ૧૮ |
| ૬. | આરોપી નં. ૧ ને મોકલાવેલ માંગણા નોટીસ બજી ગયેલાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૧૯ |
| ૭. | આરોપી નં. ૨ ને મોકલાવેલ માંગણા નોટીસ બજી ગયેલાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૦ |

(૪) ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપર મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષે પુરાવો બંધ જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીપક્ષના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ. આ કામના આરોપી દ્ધારા તેઓના વિશેષ નિવેદન દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તદ્યન નિર્દોષ છે અને આ કામના ફરીયાદીએ તેઓના મિત્ર/ત્રાહીત પાસેથી ચેક મેળવી દુરઉપયોગ કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદીને ઓળખતા નથી

અને ફરીયાદીને આરોપી સામે કોઈ કાયદેસરનું લેણું નથી. વિશેષમાં જણાવેલ છે કે, તેઓને બચાવના સાહેદ તપાસવા છે અને સોગંદ ઉપર જુબાની આપવી નથી. આથી, સદર કામ આરોપીપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૫) હાલના કામે આરોપીપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલ છે.

**–: દસ્તાવેજી પુરાવા :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફો.પ.અ.નં. ૧૬૭/૨૦૨૦ ના કામે પુરાવના સોગંદનામાંની ખરી નકલ | ૩૮ |

આ કામના આરોપીપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપર મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીપક્ષે આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી આરોપીપક્ષે પુરાવો બંધ જાહેર કરેલ છે.

(૬) સદર કામે ફરીયાદપક્ષે આંક–૪૦ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. આ ઉપરાંત બંન્નેપક્ષે વિ.વ.શ્રી દ્વારા મૌખીક દલીલો પણ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે. બંન્ને પક્ષે વિ.વકીલશ્રી દ્વારા તેઓના કેસના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતના જે ચુકાદાઓ રજુ કરેલ છે તે આ અદાલત દ્વારા વંચાણે લેવામાં આવેલ છે.

(૬.૧) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી દ્વારા મુખ્યત્વે દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીને આરોપી સાથે ઓળખાણ પરીચય હોય અને આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં

આરોપીએ ફરીયાદી પાસેથી માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/– હાથઉછીના આપેલ. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની માંગણી કરતાં આરોપીએ તેની પેઢીના બેંક એકાઉન્ટનો ફરીયાદીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દરેડ શાખા, જામનગરનો રૂ.૩,૦૦,૦૦૦/– નો તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજનો ચેક નં. ૯૮૬૦૫૫ વાળો આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ, જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીઓને તેના જણાવેલ સરનામે તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે માંગણા નોટીશ આરોપી પેઢી તથા તેના માલીક આરોપી નં. ૨ ને તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ બજી ગયેલ હોવાછતાં આ કામના આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકની રકમ નિર્ધારીત કરેલ સમયમર્યાદામાં ફરીયાદીને ચુકવી આપેલ નહી અને ફરીયાદીએ આ તમામ હકીકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ હોય અને આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું કોઇ ખંડન કરેલ ન હોય આરોપીને અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી યોગ્ય તે સજા કરવા વિનંતી કરેલ છે.

(૬.૨) સદર કામે આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા મુખ્યત્વે દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપી નિર્દોષ છે અને ફરીયાદ મુજબનો કોઇ નાંણાકીય વ્યવહાર આરોપીએ ફરીયાદી સાથે કરેલ નથી. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ચેકમાં જણાવ્યા મુજબની રકમ આરોપીને હાથ ઉછીની આપવા માટે

આર્થિક રીતે સક્ષમ નથી અને આરોપીપક્ષે તેઓનો આ બચાવ ફરીયાદીની ઉલટતપાસ કરી પુરવાર કરેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીને ફરીયાદી સાથે કોઇ સંબંધ પરીચય નથી અને આ કામના ફરીયાદીએ તેના મિત્ર સંજય ઉર્ફે કાનો હરીશભાઇ મંગી પાસેથી આરોપીનો ચેક મેળવી તેને મદદરૂપ થવાના ઈરાદે ચેકનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ આરોપીના સહી કરેલા કોરા ચેકનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ કરી પોતાનો સંભવીત બચાવ રજુ કરેલ છે અને ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ખંડન કરેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૭) ઉપરોકત કેસની હકીકતો તથા રજુ પુરાવાના આધારે અત્રેની અદાલત સમક્ષ સદર કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે;

: ૧ : શું આ કામના ફરીયાદી એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીને આરોપી સાથે ઓળખાણ પરીચય હોય અને આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસેથી નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/- હાથઉછીના આપેલ અને ત્યારબાદ આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની પરત માંગણી કરતાં આરોપીએ તેના પેઢીના બેંક ખાતાનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દરેડ શાખા, જામનગરનો રૂ.૩,૦૦,૦૦૦/- નો તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજનો ચેક નં. ૯૮૬૦૫૫ વાળો ફરીયાદીને આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે

પરત ફરેલ, જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીઓને તેના જણાવેલ સરનામે તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે માંગણા નોટીશ આરોપી પેઢી તથા તેના માલીક આરોપી નં. ૨ ને તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ બજી ગયેલ હોવાછતાં આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન નહી કરી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

: ૨ : શું આરોપીપક્ષે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું પોતાનો સંભવિત બચાવ રજુ કરી ખંડન કરેલ છે?

: ૩ : શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે;

: ૧ : નકારાત્મક,

: ૨ : હકારાત્મક,

: ૩ : આખરી હુકમ મુજબ

**મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે પુરાવાકીય મુલ્યાંકન સહિતની વિસ્તૃત ચર્ચા:**

(૯) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ઉપર મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સૌપ્રથમ મૃદા નં.૧ અને ૨ પરત્વે ફરીયાદપક્ષે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતા અગાઉ અધિનીયમ- ૧૮૮૧ ની કલમ- ૧૩૮ કે જે પ્રકરણ ૧૭ માં સમાવીષ્ટ છે અને તે

પ્રકરણ ધારાસભા દ્વારા *ACT-66 of 1988 w.e.f. 1st April 1989* થી સામેલ કરવામાં આવેલ અને આ પ્રકરણને ઘડવા પાછળનો ધારાસભાનો હેતુ અને ઈરાદો જે હતો તેને તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025 (0) AIJEL-SC 75934* ના ચુકાદાના પેરા ૧૧ અને પેરા ૧૪ માં વર્ણન કરતાં જણાવેલ છે કે;

*"11. Having heard learned counsel for the parties, this Court is of the view that it is essential to first outline the scope and intent of Chapter XVII (Sections 138 to 148) of NI Act which has been inserted by Act 66 of 1988 w.e.f. 1st April 1989."*
*"14.Consequently, this Court is of the view that the intent behind introducing Chapter XVII is to restore the credibility of cheques as a trustworthy substitute for cash payment and to promote a culture of using cheques. Further, by criminalizing the act of issuing cheques without sufficient funds or for other specified reasons, the law promotes financial discipline, discourages irresponsible practices and allows for a more sufficient and timely resolution of disputes compared to the previous pure civil remedy which was found to involve the payee in a long-drawn out process of litigation."*

આમ,ઉપરોકત ચુકાદામાં અધિનીયમ,૧૮૮૧ ના પ્રકરણ ૧૭(કલમ-૧૩૮ થી ૧૪૮)ને ઘડવા પાછળનો ધારાસભાનો ઈરાદો વ્યકત કરતાં જણાવેલ છે કે, રોકડ ચુકવણી માટે વિશ્વસનીય વિકલ્પ તરીકે ચેકની વિશ્વસનીયતાને પુન: સ્થાપીત કરવાનો અને ચેકનો ઉપયોગ કરવાની સંસ્કૃતીને પ્રોત્સાહન આપવાનો છે.વધુમાં પુરતાં ભંડોળ વિના અથવા અન્ય ચોકકસ કારણોસર ચેક જારી કરવાના કૃત્યને ગુનાહીત બનાવીને નાણાંકીય શિસ્તતા જાળવવાનો તથા બેજવાબદાર પ્રથાને નીરુત્સાહી કરવા અને દિવાની દાદની સરખામણીમાં તેને વધુ કાર્યક્ષમ બનાવી સમયસર તકરારનું નિવારણ લાવી શકાય અને પક્ષકારને લાંબી કાનુની કાર્યવાહી માંથી પસાર ન થવુ પડે તે માટે ઝડપથી ન્યાય મળી શકે તે ઈરાદો ધારાસભા દ્વારા વ્યકત કરવામાં આવેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ જયારે અધિનીયમ,૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયેના

શીક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે,ત્યારે સદર કાનુની જોગવાઈ અન્વયેના શિક્ષાપાત્ર ગુના માટેના આવશ્યક તત્વો ધ્યાને લેવા અત્યંત જરૂરી છે અને જેથી ચુકાદાની સરળતા ખાતર અધિનીયમની કલમ–૧૩૮ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"Section-138 Dishonour of cheque for insufficiency, etc.,of funds in the account:Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both.*

*Provided that nothing contained in this section shall apply unless-*

*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*

*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque,within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and*

*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*

*Explanation :- " For the purpose of this section, debt of other liability means a legally enforceable debt or other liability."*

આમ,અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભે ફરીયાદપક્ષે તે ગુનો પુરવાર કરવા માટે સદર કલમના આવશ્યક તત્વો અદાલત સમક્ષ સ્પષ્ટપણે પુરાવર કરવાના રહે છે, તે સંદર્ભે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *"Prem Chand Vijay Kumar Vs. Yashpal Singh" reported in 2005 (4) SCC page no-417"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર

જાય છે. જે ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા અધિનીયમ,૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા માટે જે આવશ્યક તત્વો ફરીયાદપક્ષે પુરવાર કરવાના રહે છે, તેની ચર્ચા કરતાં જણાવેલ છે કે,

*"...View in that Context, the following facts are required to be proved successfully prosecute the drawer for an offence under section 138 of the Act:*
*(a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/liability and the cheque was dishonoured;*
*(b) that the cheque was presented within the prescribed period;*
*(c) that the payment made a demand for payment of the money by giving a notice in writing to the drawer within the stipulated period; and*
*(d) that the drawer failed to make the payment within 15 days of the receipt of the notice."*

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવ્યા મુજબ, ફરીયાદપક્ષે અદાલત સમક્ષ એ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરવાની રહે છે કે, આપવામાં આવેલ ચેક આરોપીએ સમગ્ર અથવા અંશત: દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે પોતે નિભાવતો હોય તેવા બેંક ખાતા ઉપરનો ચેક આપવામાં આવેલ હતો અને તેવો ચેક ચુકવણી કર્યા વીના બેંકે પરત કરેલ હતો. વધુમાં એ પણ સ્પષ્ટપણે પુરવાર કરવાનું રહે છે કે, આપવામાં આવેલ ચેક નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં ભરણાં માટે રજુ કરવામાં આવેલ હતો. વધુમાં એ પણ પુરવાર કરવાનું રહે છે કે, ફરીયાદીએ કાયદાથી નિયત કરેલ સમયમર્યાદામાં ચેકનો અસ્વીકાર થયેલાની સાથે ચેકમાં જણાવેલ રકમની માંગણી કરતી માંગણા નોટીસ આરોપીને આપવામાં આવેલ હતી અને તેવી નોટીસ મળ્યા તારીખથી ૧૫ દિવસમાં માંગણા મુજબની રકમ ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ હતો.

(૯.૧) સદર કામે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૫ થી

ફરીયાદીની સોગંદનામાં સ્વરૂપમાં જુબાની રજુ કરેલ છે અને તે જુબાનીમાં પોતાની આંક–૦૧ ની ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરે છે. સદર કામે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેનું હવે પછીથી વિગતવાર પુરાવકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે. વધુમાં બંન્નેપક્ષે પોતાનો કેસ પુરાવાર કરવા માટે જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેને પણ ધ્યાને લેવામાં આવેલ છે તથા પક્ષકારો તર્ફે રજુ નામદાર ઉચ્ચ અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ માનભેર વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે રજુ મૌખીક જુબાની તથા રજુ કરવામાં આવેલ અન્ય દસ્તાવેજોની સાથે સાથે અધિનિયમની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની સાબીતી સંદર્ભે અદાલતે અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના હોય છે અને તે મુજબ અધિનિયમ,૧૮૮૧ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં તે સંબંધેની જોગવાઇ કરવામાં આવેલ છે. જે કાનુની પ્રબંધો ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"118: Presumptions as to negotiable instruments: Until the contrary is proved, the following presumptions shall be made:*
*(a) of consideration.that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;*
*(b) as to date.that every negotiable instrument bearing a date was made or drawn on such date;*
*(c) as to time of acceptance.that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*
*(d) as to time of transfer.that every transfer of a negotiable instrument was made before its maturity;*
*(e) as to order of indorsements. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;*
*(f) as to stamp.that a lost promissory note, bill of exchange or*

*cheque was duly stamped;*
*(g) that holder is a holder in due course.that the holder of a negotiable instrument is a holder in due course:*

*Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.*

*139. Presumption in favour of holder.It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability."*

આમ, ઉપરોકત કાનુની પ્રબંધો વંચાણે લેતાં તેમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબના અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે અને તે મુજબ જો એકવાર એમ સાબીત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે, તેવા સંજોગોમાં આ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે. જો આરોપીપક્ષ આ અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહે તો, આ અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરી શકાય નહી. જો કે, ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં અનુમાનનો ગુનો પુરવાર કરવા માટે નિર્ણયાત્મક સાબીત નથી, પરંતુ આવા અનુમાનોને યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં, આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંધ ઉપર જુબાની આપવી જ જોઇએ તેવો કાયદાનો કોઇ નિયમ નથી, પરંતુ આરોપી આવા અનુમાનોનું ખંડન ફરીયાદીની ઉલટતપાસ થકી તથા રેકર્ડ પરના પુરાવા પરથી કરી શકે છે. સદર કામે જયારે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા ધારેલ છે, ત્યારે કાનુની પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં જે અનુમાન કરવાના રહે છે તે અનુમાન અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયે કરવામાં આવેલ જોગવાઇ મુજબ કરવાના રહે છે તથા જયારે આ અનુમાનો

ખંડનાત્મક છે અને આવા અનુમાનોનું આરોપીપક્ષે ખંડન કરવાનું રહે છે, ત્યારે આ અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના ઉપર છે, તે બાબતે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *"Hiten P. Dalal Vs. Bratindranath Banerjee (2001) 6 SCC 16"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર જાય છે, જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે કે;

*"Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)*

*The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a*

*presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.”*

(૧૦.૧) અત્રેથી એ નોંધવું જરુરી છે કે, અધિનિયમ,૧૮૮૧ ની કલમ –૧૩૯ અન્વયે કરવામાં આવતાં અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં કરવામાં આવેલ કાનુની પ્રબંધો સંબંધે અવારનવાર અનેક ચુકાદાઓમાં તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે, જેને હવે પછીથી ચુકાદાની સરળતા ખાતર રજુ કરવામાં આવેલ છે. વધુમાં, અત્રેથી એ નોંધ કરવી જરૂરી છે કે, એ કાનુનનો સામાન્ય સિધ્ધાંત છે કે જયારે કાયદામાં ખાસ જોગવાઈ કરીને આરોપી ઉપર પુરાવાનો બોજો મુકવામાં આવેલ હોય અને જયારે કાનુની અનુમાનો આરોપીને દોષિત હોવા અંગેનું કરવાનું હોય છે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતના ત્રણ માનનીય ન્યાયાધીશની ખંડપીઠ ધ્વારા *"Kali Ram Vs. State of Himachal Pradesh,(1973) 2 SCC 808"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા ૨૨ માં નીચે મુજબ અવલોકન કરેલ છે;

*“22. ………One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory*

*presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the Court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."*

(૧૦.૨) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *Bharat Barrel & Drum Manufacturing Company Vs. Amin Chand Pyarelal, (1999) 3 SCC 35* માં અધિનિયમની કલમ–૧૧૮(એ) ની ચર્ચા કરતાં ઠરાવેલ છે કે, એક વખત વચનચિઠ્ઠીની બજવણી સ્વીકૃત હોય ત્યારબાદ કલમ–૧૧૮(એ) અન્વયે એવું અનુમાન કરી શકાય કે તેને અવેજથી સમર્થન પ્રાપ્ત થાય છે. આ અનુમાન ખંડન થઇ શકે તેવું અનુમાન છે અને પ્રતિવાદી તેવા અનુમાનનું સંભવિત બચાવ રજુ કરીને ખંડન કરી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સદર ચુકાદાના પેરા ૧૨ માં અવલોકન કરેલ છે કે;

*"12. Upon consideration of various judgments as noted hereinabove, the position of law which emerges is that once execution of the promissory note is admitted, the presumption under Section 118(a) would arise that it is supported by a consideration. Such a presumption is rebuttable. The defendant can prove the non-existence of a consideration by raising a probable defence. If the defendant is proved to have discharged the initial onus of proof showing that the existence of consideration was improbable or doubtful or the same was illegal, the onus would shift to the plaintiff who will be obliged to prove it as a matter of fact and upon its failure to prove would disentitle him to the grant of relief on the basis of the negotiable instrument. The burden upon the defendant of proving the non-existence of the consideration can be either direct or by bringing on record the preponderance of probabilities by reference to the circumstances upon which he relies. In such an event, the plaintiff is entitled under law to rely upon all the evidence led in the case including that of the plaintiff*

*as well. In case, where the defendant fails to discharge the initial onus of proof by showing the non-existence of the consideration, the plaintiff would invariably be held entitled to the benefit of presumption arising under Section 118(a) in his favour. The court may not insist upon the defendant to disprove the existence of consideration by leading direct evidence as the existence of negative evidence is neither possible nor contemplated and even if led, is to be seen with a doubt. The bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting the benefit of shifting the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring on record such facts and circumstances upon consideration of which the court may either believe that the consideration did not exist or its nonexistence was so probable that a prudent man would, under the circumstances of the case, shall act upon the plea that it did not exist……"*

(૧૦.૩) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *M.S. Narayana Menon Alias Mani Vs. State of Kerala and Another, (2006) 6 SCC 39* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં અધિનિયમની કલમ–૧૧૮(એ), કલમ–૧૩૮ તથા કલમ–૧૩૯ ના કાનુની પ્રબંધો ની વિસ્તૃત ચર્ચા કરતાં પ્રસ્થાપીત કરેલ છે કે, કલમ–૧૧૮(એ) અને કલમ–૧૩૯ અન્વયેના અનુમાનો એ ખંડનાત્મક અનુમાનો છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સદર ચુકાદામાં *"may presume"* અને *"shall presume"* શબ્દના અર્થની વિસ્તૃત છણાવટ કરતાં સદર ચુકાદાના પેરા-૨૮ માં અવલોકન કરેલ છે કે;

*"28. What would be the effect of the expressions "may presume", 'shall presume" and "conclusive proof" has been considered by this Court in Union of India v. Pramod Gupta, (2005) 12 SCC 1, in the following terms: (SCC pp. 30-31, para 52) "It is true that the legislature used two different phraseologies 'shall be presumed' and 'may be presumed' in Section 42 of the Punjab Land Revenue Act and furthermore although provided for the mode and manner of rebuttal of such presumption as regards the right to mines and minerals said to be vested in the Government vis-Ã -vis the absence thereof in relation to the lands presumed to be retained by the landowners but the same would not mean that the words 'shall presume' would be conclusive. The meaning of the*

*expressions 'may presume' and 'shall presume' have been explained in Section 4 of the Evidence Act, 1872, from a perusal whereof it would be evident that whenever it is directed that the court shall presume a fact it shall regard such fact as proved unless disproved. In terms of the said provision, thus, the expression 'shall presume' cannot be held to be synonymous with 'conclusive proof'."*

આમ, ઉપરોકત ચુકાદાના પેરા–૨૮ માં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, *"shall presume"* શબ્દ *"conclusive proof"* શબ્દનો સમાનાર્થી શબ્દ હોઈ શકે નહી. વધુમાં સદર ચુકાદામાં પુરાવા અધિનિયમની કલમ–૦૩ માં ઉલ્લેખ *"proved"* અને *"disproved"* શબ્દને સંદર્ભમાં રાખી તેની વિસ્તૃત ચર્ચા કરતા પેરા–૩૦ માં નીચે મુજબ અવલોકન કરેલ છે;

*"30. Applying the said definitions of "proved" or "disproved" to the principle behind Section 118(a) of the Act, the court shall presume a negotiable instrument to be for consideration unless and until after considering the matter before it, it either believes that the consideration does not exist or considers the non-existence of the consideration so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that the consideration does not exist. For rebutting such presumption, what is needed is to raise a probable defence. Even for the said purpose, the evidence adduced on behalf of the complainant could be relied upon."*

વધુમાં સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એ પણ અવલોકન કરવામાં આવેલ છે કે, આરોપીને સંભવીત બચાવ રજુ કરવા માટે સીધો પુરાવો આપવો જ તેવું જરૂરી નથી. ફરીયાદી દ્વારા જે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ હોય તે પુરાવા પર આધાર રાખીને પણ અનુમાનોનું ખંડન કરી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સદર ચુકાદાના પેરા–૩૨ માં અવલોકન કરતાં જણાવેલ છે કે;

*"32. The standard of proof evidently is preponderance of probabilities. Inference of preponderance of probabilities can be*

*drawn not only from the materials on record but also by reference to the circumstances upon which he relies."*

(૧૦.૪) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *Rangappa Vs. Sri Mohan, (2010) 11 SCC 441* માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવા અત્યંત જરુરી છે અને તેથી હાલના ચુકાદાના સરળતા ખાતર નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સદર ચુકાદાના પેરા-૨૬ થી પેરા-૨૮ માં કરવામાં આવેલ અવલોકન નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"26. In light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat, (2008) 4 SCC 54 may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant."*

*"27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However,it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.*

*28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an*

*accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."*

(૧૦.૫) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Baslingappa Vs. Mudibasappa 2019 (5) SCC 418* ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદામાં *Kali Ram Vs. State of Himachal Pradesh,(1973) 2 SCC 808, Bharat Barrel & Drum Manufacturing Company Vs. Amin Chand Pyarelal, (1999) 3 SCC 35, M.S. Narayana Menon Alias Mani Vs. State of Kerala and Another, (2006) 6 SCC 39, Krishna Janardhan Bhat Vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54, Kumar Exports Vs. Sharma Carpets, (2009) 2 SCC 513, Rangappa Vs. Sri Mohan, (2010) 11 SCC 441)* ના ચુકાદાઓને ધ્યાનમાં રાખી સદર ચુકાદાના પેરા નં. ૨૩ માં જણાવેલ છે કે;

*" 23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-*
*(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.*
*(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.*
*(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.*
*(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.*
*(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં કરવામાં આવેલ કાનુની અનુમાનો સંબંધીત જોગવાઇ ધ્યાને લેતાં જયારે આ કાનુની અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે છે, ત્યારે આરોપી સદર અનુમાનોનું ખંડન કેવી રીતે અને કઇ પધ્ધતીથી કરી શકે છે તે ઉપર જણાવ્યા અનુસાર નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોથી જણાવેલ છે તે મુજબની હકીકત ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનું મુલ્યાંકન હવે પછીથી કરવામાં આવેલ છે.

(૧૧) સદર કામે ફરીયાદપક્ષે રજુ હકીકત તથા રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેતાં આ કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી ફરીયાદીનું સરતપાસનું સોગંધનામું રજુ કરવામાં આવેલ છે અને જેમાં મુખ્યત્વે તેઓએ આંક–૦૧ ની ફરીયાદની હકીકતનું પુનરાવર્તન કરેલ છે. સદર કામે રજુ પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતાં અગાઉ સદર કેસમાંની એવી હકીકતો કે જે નિર્વીવાદીત છે, તેને અત્રેથી રજુ કરવામાં આવેલ છે, તે મુજબ આ કામના આરોપી રૂષભ મેટલ્સ ના પ્રોપરાઇટર છે અને આંક–૧૪ થી રજુ ફરીયાદવાળો ચેક રૂષભ મેટલ્સ નામની પેઢીનો છે અને તે ચેકમાં તે પેઢીના પ્રોપરાઇટર તરીકે આરોપીની સહી છે. વધુમાં એ હકીકત પણ બીનતકરારી છે કે, આંક–૧૪ થી રજુ ચેક *"અપુરતા ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ છે. એ હકીકત પણ બીનતકરારી છે કે, સદર ફરીયાદવાળો ચેક પરત ફરતાં ફરીયાદીએ આરોપીઓને રજી. પોસ્ટ એ.ડી.થી માંગણા નોટીસ મોકલેલ જે નોટીસ તેઓને બજી ગયેલ અને તે નોટીસનો કોઇ જબાબ આરોપી પક્ષે ફરીયાદીને આપવામાં આવેલ નથી.

(૧૧.૧) સદર કામે ફરીયાદપક્ષે આંક–૫ થી સોગંદનામાંની સરતપાસ રજુ કરેલ છે અને તે સંદર્ભે આરોપીપક્ષે ફરીયાદીની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ કામના આરોપીપક્ષે દલીલ કરતાં જણાવેલ છે કે, તેઓએ ફરીયાદી પાસેથી ફરીયાદીના કથન મુજબની કોઇ રકમ હાથઉછીની લીધેલ નથી અને ફરીયાદીને આરોપી સામે કોઇ કાયદેસરનું લેણું નથી. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, તેઓને ફરીયાદી સાથે કોઇ સંબંધ પરીચય નથી. ફરીયાદપક્ષે એવું કથન કરવામાં આવેલ છે કે, તેઓને આરોપી સાથે સંબંધ પરીચય હોય અને આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત હોય રૂ.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) હાથઉછીના આપેલ અને તે કાયદેસરના દેવાનો સ્વીકાર કરી આરોપીએ ફરીયાદીને સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, દરેડ, જામનગર શાખાનો ચેક નં. ૯૮૬૦૫૫ તા.૦૫/૦૫/૨૦૧૯ ના રોજનો આપેલ. જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે વણચુકવ્યે પરત ફરેલ. ફરીયાદપક્ષે તેઓની આ હકીકત સંદર્ભે આંક–૧૪ થી ફરીયાદવાળો ચેક તથા આંક–૧૫ થી ચેક રીટર્ન મેમો અસલ રજુ કરેલ છે. અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આ કામના આરોપીપક્ષે ઈન્સાફી કાર્યવાહીના કોઇપણ તબકકે ફરીયાદવાળા ચેકમાંની તેઓની સહીનો ઈન્કાર કરેલ નથી. વધુમાં આરોપીપક્ષે એવો પણ કોઇ બચાવ ઉપસ્થીત કરેલ નથી કે, જે દિવસે ફરીયાદી દ્વારા ફરીયાવાળો ચેક તેઓના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ તે દિવસે આરોપીના બેંક ખાતામાં ચેકમાં જણાવેલ રકમ મુજબનું પુરતું ભંડોળ હતું. વધુમાં ફરીયાદીની હકીકત મુજબ ફરીયાદવાળો ચેક વણચુકવ્યે પરત ફરતાં ફરીયાદીએ આરોપીને તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ રજી. પોસ્ટ એડી. થી માંગણા નોટીસ મોકલેલ, જે માંગણા નોટીસ આ કામના આરોપીને

તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ બજી ગયેલ. આ કામના ફરીયાદપક્ષે તેઓની આ હકીકત સંદર્ભે આંક–૧૬ થી માંગણા નોટીસ ઓફીસ કોપીની નકલ, આંક–૧૭ અને આંક–૧૮ થી માંગણા નોટીસ રજી.પો.એડી કર્યાની પહોંચ અસલ તથા આંક–૧૯ અને આંક–૨૦ થી આરોપીને માંગણા નોટીસ બજી ગયાના એકનોલેજેમન્ટની અસલ રજુ કરેલ છે. આ કામના આરોપીપક્ષે ઇન્સાફી કાર્યવાહીના કોઇ પણ તબકકે ફરીયાદવાળો ચેક વણચુકવ્યે પરત ફર્યા બાદ ફરીયાદીએ તેઓને માંગણા નોટીશ મોકલેલ નથી કે તે માંગણા નોટીશ તેઓને બજેલ નથી તેવી કોઇ તકરાર ઉપસ્થિત કરેલ નથી. અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આ કામના આરોપીપક્ષે એ હકીકત સ્વીકૃત છે કે, ફરીયાદવાળો ચેક તેઓના બેંક ખાતાનો છે અને ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી છે. આથી, જયારે ફરીયાવાળા ચેકમાંની સહી આરોપીપક્ષે સ્વીકૃત છે, ત્યારે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025 (0) AIJEL-SC 75934* ના ચુકાદાના પેરા ૧૫ થી ૧૭ માં કરેલ અવલોકન ઉપર જાય છે, જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવે છે;

*"ONCE EXECUTION OF CHEQUE IS ADMITTED, PRESUMPTIONS UNDER SECTIONS 118 AND 139 OF THE NI ACT ARISE:-*

*15. In the present case, the cheque in question has admittedly been signed by the Respondent No.1- Accused. This Court is of the view that once the execution of the cheque is admitted, the presumption under Section 118 of the NI Act that the cheque in question was drawn for consideration and the presumption under Section 139 of the NI Act that the holder of the cheque received the said cheque in discharge of a legally enforceable debt or liability arises against the accused. It is pertinent to mention that observations to the contrary by a two Judges Bench in Krishna Janardhan Bhat vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54 have been set aside by a three Judges Bench in Rangappa (supra).*

*16. This Court is further of the view that by creating this presumption, the law reinforces the reliability of cheques as a mode of payment in commercial transactions.*
*17. Needless to mention that the presumption contemplated under Section 139 of the NI Act, is a rebuttable presumption. However, the initial onus of proving that the cheque is not in discharge of any debt or other liability is on the accused/drawer of the cheque [See: Bir Singh vs. Mukesh Kumar, (2019) 4 SCC 197 ]"*

આમ, ઉપરોકત ચુકાદામાં કરેલા અવલોકન તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતાં જયારે આરોપીપક્ષે ફરીયાદવાળા ચેકમાંની તેઓની સહીનો સ્વીકાર કરેલ છે અને સદર ચેક તેઓના બેંક ખાતાનો છે અને ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ સદર ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં જમાં કરાવતાં તે વણચુકવ્યે પરત ફરેલ ત્યારે અધિનીયમ, ૧૮૮૧ ની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ અન્વયેના કાનુની અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે અને એ આરોપીની ફરજ છે કે તેઓ સદર અનુમાનોનું ખંડન કરતી હકીકત તથા પુરાવા અદાલત સમક્ષ રજુ કરે. આ કામના આરોપી દ્ધારા સદર કાનુની અનુમાનોનું ખંડન કરવા માટે જે બચાવ રજુ કરેલ છે તે સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં આ કામના ફરીયાદીના કથન મુજબ આ કામના આરોપી સાથે તેઓને સંબંધ પરીચય હોય આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં ફરીયાદી પાસેથી રૂ.૩,૦૦,૦૦૦/- હાથઉછીના લીધેલ. ફરીયાદીની આ હકીકત સંદર્ભે આરોપીપક્ષે જે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ તે ઉલટતપાસ દરમ્યાન એવી હકીકત ખુલવા પામેલ કે, *"મને આરોપીનું આખુ નામ આવડતુ નથી." "એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે ડાયરેકટ કોઈ સંબંધ નથી." "એ વાત ખરી છે કે, મે આ કામના આરોપી સાથે કયારેય પણ ધંધાના વ્યવહારો કરેલા નથી." "મારે આરોપી સાથે તળાવની પાળ પાસે રોડ પર મુલાકાત થયેલી." "મારે આરોપી સાથે છ-સાત વર્ષ પહેલા*

*મુલાકાત થયેલી." "અમે બેસેલા અને તેઓ આવેલા હતા." "મારી પાસે આરોપીના મોબાઇલ નંબર નથી." "મારી પાસે આરોપીના મોબાઇલ નંબર મોબાઇલમાં સેવ હતાં, જે મોબાઇલ બદલાવતાં તે ડેટા જુના મોબાઇલમાં ચાલ્યો ગયેલ." "મેં આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા નવો મોબાઇલ લીધેલ હતો." "મેં ૩–૪ વર્ષ પહેલા મુલાકાત થયેલી ત્યારબાદ મારે આરોપી સાથે કોઇ મુલાકાત થયેલ નથી." "આરોપી સાથે છેલ્લે કઇ સાલમાં મુલાકાત થયેલી તે હાલ મને યાદ નથી." "આરોપીના મોબાઇલ નંબર નીકળી ગયા બાદ આરોપી સાથે સને ૨૦૧૮–૧૯ માં કઇ રીતે મુલાકાત થયેલી તે મને યાદ નથી." "આરોપીના પરીવારમાં કુલ કેટલા સભ્યો છે તેની મને માહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીને એક ભાઇ છે." "આરોપીના ભાઇનું નામ મને ખબર નથી અને તેની સાથે મારી મુલાકાત થયેલ નથી." "હું કયારેય આરોપીના ઘરે ગયેલ હોય તેવુ બનેલ નથી." "હું આરોપીના કારખાને ગયેલ નથી." "આરોપી કયારેય મારા ઘરે કે હું કયારેય આરોપીના ઘરે સારા નરસા પ્રસંગોપાત ગયેલ હોય તેવુ બનેલ નથી."* આમ, આરોપીપક્ષે ફરીયાદીની જે ઉલટતપાસ કરેલ છે તે ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત તથા ફરીયાદીના કેસની હકીકત ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે, જયારે ફરીયાદીનું એવું કથન હોય કે આરોપી તેઓના મિત્ર થતાં હોય આરોપીને નાણાંની જરૂરીયાત ઉભી થતાં તેને રૂ.૩,૦૦,૦૦૦/– જેટલી મોટી રકમ હાથઉછીની આપેલ ત્યારે એ સ્વભાવીક છે કે, કોઇ વ્યકતીને તેવી બીજી વ્યકતી સાથે ઘનિષ્ઠ મિત્રતાના સંબંધ હોય તો જ આટલી મોટી રકમ હાથઉછીની આપે. ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત મુજબ આ કામના ફરીયાદી ફોરવ્હીલ લે–વેચનો કમીશનથી વેપાર ધંધો કરે છે અને ડ્રાઇવીંગ કરે છે અને ખુદ ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ હકીકત મુજબ તેઓને આરોપી સાથે કોઇ સીધો

(ડાયરેકટ) સંબંધ નથી, ત્યારે સ્વભાવીક છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે એટલા ઘનીષ્ઠ સંબંધ હોય નહી કે, ફરીયાદી આરોપીને આટલી મોટી રકમ હાથઉછીની આપે. વધુમાં આ કામના આરોપી ફરીયાદીના ઘરે તેના પ્રસંગમાં ગયેલ નથી કે ફરીયાદી પણ આરોપીના ઘરે તેઓના પ્રસંગમાં ગયેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી કયારેય આરોપીના ઘરે ગયેલ નથી કે આરોપીના ઘરના સભ્યો બાબતેની પણ કોઈ માહીતી ફરીયાદી પાસે નથી, વધુમાં ફરીયાદીને આરોપીનું પુરુ નામ પણ ખબર નથી કે આરોપીના ધંધાના સ્થળે પણ કયારેય ગયેલ નથી, ત્યારે આ તમામ હકીકત તથા સંજોગો ફરીયાદી તથા આરોપી વચ્ચેના સંબંધ બાબતે શંકા ઉપસ્થીત કરે છે. આ કામના ફરીયાદીની હકીકત મુજબ તેઓએ આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) તેના ધંધાના વિકાસ માટે હાથઉછીના આપેલ, પરંતુ ખુદ ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ હકીકત મુજબ તેઓ કયારેય આરોપીના કારખાને ગયેલ નથી. ફરીયાદીની હકીકત મુજબ તેઓએ આરોપીને જે રકમ હાથઉછીની આપેલ તે કાયદેસરના દેવાની ચુકવણી માટે આરોપીએ ફરીયાદીને આંક-૧૪ થી રજુ ફરીયાદવાળો ચેક આપેલ, જે ચેક વણચુકવ્યે પરત ફરેલ. આ કામના આરોપીપક્ષે ફરીયાદીની હકીકતનો ઈન્કાર કરતાં જણાવેલ છે કે, તેઓએ ફરીયાદી પાસેથી તેઓના કથન મુજબની કોઈ રકમ હાથઉછીની લીધેલ નથી અને ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે. ફરીયાદીની હકીકત તથા આરોપીપક્ષે લેવામાં આવેલ બચાવ સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીએ ફરીયાદીની જે ઉલટતપાસ કરેલ તે ઉલટતપાસ દરમ્યાન આ કામના ફરીયાદીએ એવી હકીકત જણાવેલ છે કે, "હું એક જ બેંકમાં ખાતું ધરાવું છુ." "મારા ખાતામાં દસ વીસ હજાર રૂપીયા હશે." "હું મારા ખાતાના પાસ બુકની ઝેરોક્ષ રજુ કરવા માંગતો નથી." *"એ વાત ખરી છે કે, મે*

*બેંકમાંથી રૂ.૩,૦૦,૦૦૦/- ઉપાડેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મે હાલની ફરીયાદના કામે રજુ કરેલ નથી." "એ વાત ખરી છે કે, મે આરોપીને આ રકમ આપેલ હોય તેવો દર્શાવતો કોઈ આધાર પુરાવો મારી પાસે નથી." " મે આરોપી સાથે કહેવાતા વ્યવહાર સંબંધે કોઈ લખાણ, કોઈ ચિઠી કે કોઈ જગ્યાએ લખાણ કરેલ હોય તેવુ બનેલ નથી."* આમ, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત ધ્યાને લેતાં અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આ કામના ફરીયાદી તેઓની ફરીયાદ, માંગણા નોટીસ તથા રજુ સોગંદપરની જુબાનીમાં આરોપીને રોકડ સ્વરૂપમાં હાથઉછીની રકમ આપેલ તેવું જણાવેલ છે. વધુમાં કહેવાતા વ્યવહાર સમયે ફરીયાદી પાસે રૂ.૩,૦૦,૦૦૦/- જેટલી રકમ રોકડ સ્વરૂપે હતી તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે જણાવેલ નથી અને ખુદ ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ હકીકત મુજબ તેઓના બેંક ખાતામાં દસ વીસ હજાર રૂપીયા હશે અને તેઓએ બેંકમાંથી રૂ.૩,૦૦,૦૦૦/- ઉપાડેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદના કામે રજુ કરેલ નથી. વધુમાં ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપીને હાથઉછીની રકમ આપેલ હોય તેવો દર્શાવતો પણ કોઈ આધાર પુરાવો તેઓ પાસે નથી. વધુમાં, ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન તેઓના બેંક ખાતાની પાસ બુક રજુ કરવાનો ઈન્કાર કરેલ છે. આ સંજોગોમાં ફરીયાદીની વર્તણુંક ધ્યાને લેતાં તેના કથન મુજબનો જે સમયે આરોપી સાથેનો નાણાંકીય વ્યવહાર થયેલ છે તે સમયે ફરીયાદીને રૂ.૩,૦૦,૦૦૦/- જેટલી મોટી રકમ આરોપીને હાથઉછીની આપવા માટે તેઓના હાથઉપર તેવી કોઈ રકમ હતી તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદી આટલી મોટી રકમ આરોપીને હાથઉછીની આપે તે સ્વીકારી શકાય નહી. આ સંજોગોમાં ફરીયાદીની હકીકત શંકાશીલ બને છે.

(૧૧.૨) આરોપીપક્ષે દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ચેકમાં જણાવેલ રકમ જેટલી મોટી રકમ આરોપીને હાથઉછીની આપવા માટે આર્થીક રીતે સક્ષમ નથી અને આ કામના આરોપીએ સંજય ઉર્ફે કાના મંગી પાસેથી આરોપીનો ચેક મેળવી તેનો દુરઉપયોગ કરેલ છે. આરોપીપક્ષની આ દલીલ સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે, ફરીયાદવાળો ચેક વણચુકવ્યે પરત ફરતાં ફરીયાદીએ આરોપીને જે માંગણા નોટીસ મોકલાવેલ તે માંગણા નોટીસનો આરોપીએ તેના બચાવ મુજબનો કોઈ જવાબ ફરીયાદીને મોકલાવેલ નથી. આ કામના આરોપીપક્ષે તેઓના બચાવ સંદર્ભે ફરીયાદીની વિસ્તૃત ઉલટતપાસ કરેલ જેમાં મુખ્યત્વે એવી હકીકત ખુલવા પામેલ કે, *"હું ફોરવ્હીલ લે-વેચનો કમીશનથી વેપાર ધંધો કરૂ છુ." "હું ડ્રાઈવીંગ કરૂ છુ." "હું અન્યની માલીકીની ગાડીમાં ડ્રાઈવર તરીકે તેઓની જરૂરીયાત મુજબ જાઉ છુ." "એ વાત ખરી છે કે, મારી પાસે મારી માલીકીની કોઈ ગાડી નથી." "મારી વાર્ષિક આવક રૂ. ૮ થી ૧૦ લાખ રૂપીયા છે." "હું ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરતો નથી." "મારી વાર્ષિક આવક રૂ.૮ થી ૧૦ લાખ છે તે દર્શાવતો કોઈ આધાર મારી પાસે નથી." "મારે મારી પત્ની સાથે તકરાર ચાલતી હોય જેથી તેઓ તેના માવતરે રહે છે." "મારી પત્નીએ મારી ઉપર ભરણ-પોષણનો કેસ કરેલ છે." "હું દર મહીને રૂ.૩૫૦૦ નું ભરણપોષણ ભરુ છુ." "એ વાત ખરી છે કે, ભરણ પોષણના કેસમાં મારી પર ભરણ પોષણ ન ભરી શકવાના કારણે જપ્તી વોરંટ ઈસ્યુ થયેલ હતું." "આ ભરણ પોષણનો કેસ હાલ ચાલુ છે." "તે ભરણ પોષણના કેસના કાગળો હું આ કામે રજુ કરવા તૈયાર નથી." "પોલીસવાળા કયારે મારી પર વોરંટની બજવણી કરવા કયારે આવેલ તે પણ મને યાદ નથી. હવે કહુ છુ કે આશરે ચાર પાંચ મહીના પહેલા વોરંટની બજવણી માટે આવેલ હતાં." "હું*

*આટલી મોટી રકમ આપવા માટે આર્થિક રીતે સક્ષમ હોઉ તેવો કોઈ આધાર પુરાવો મારી પાસે નથી." "કમીશનના ધંધામાંથી કેટલી આવક થાય છે તે નક્કી ન હોય." "મહીનામાં કેટલી વાર ડ્રાઈવીંગ કરવા જવાનું થાય તે નક્કી ન હોય." "એ વાત ખરી છે કે, હું ડ્રાઈવીંગ તથા કમીશનનો ધંધો કરૂ છુ તે બાબતનો કોઈ આધાર પુરાવો મારી પાસે નથી."* આમ, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત ધ્યાને લેતાં ખુદ ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપીને રૂ.૩૦,૦૦,૦૦/- હાથઉછીના આપેલ તે દર્શાવતો કોઈ આધાર પુરાવો ફરીયાદના કામે રજુ કરેલ નથી અને ફરીયાદીની ઉલટતપાસ થકી ખુલવા પામેલ હકીકત મુજબ તેઓએ બેંકમાંથી સદર રૂપીયા ઉપાડેલ હોય તે બાબતેનો પણ કોઈ દસ્તાવેજી પુરાવો તેઓની પાસે નથી. વધુમાં ફરીયાદીની આવકના સ્ત્રોત ધ્યાને લેતાં તેઓ વાહન લે-વેચના કમીશનનો તથા અન્યની માલીકીની ગાડીમાં જરૂરીયાત મુજબ ડ્રાઈવર તરીકે ગાડી ચલાવે છે. વધુમાં ખુદ ફરીયાદીની ઉલટતપાસ થકી તેઓ અદાલત સમક્ષ પોતાની આવક બાબતે ખરી હકીકત છુપાવતા હોવાનું અને વિરોધાભાષી હકીકત જણાવતાં હોવાનું જણાઈ આવે છે કારણ કે, એક તરફ ફરીયાદીના કથન મુજબ તેઓ વાર્ષિક રૂપીયા આઠ લાખ થી દસ લાખ આવક ધરાવતા હોવાનું જણાવેલ છે જયારે બીજી તરફ આરોપીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન એવુ જણાવેલ છે કે, તેઓ કમીશનના ધંધામાંથી કેટલી આવક થાય તે નક્કી ન હોય અને મહીનામાં કેટલી વાર ડ્રાઈવીંગ કરવા જવાનું થાય તે પણ નક્કી ન હોય અને ડ્રાઈવીંગમાં વાર્ષિક કેટલી આવક થાય છે તે પણ નક્કી ન હોય. આ સંજોગોમાં આ કામના ફરીયાદી તેઓના આવક સંબંધીત ખરી હકીકત છુપાવતા હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત મુજબ આ કામના

ફરીયાદીની પત્ની કે જે અન્ય કારણોસર ફરીયાદી સાથે રહેતા નથી અને તેઓને લગ્ન સંબંધીત તકરાર ચાલતી હોય ફરીયાદીની પત્નીએ ફરીયાદી ઉપર ભરણ પોષણનો કેસ કરેલ અને આ કામના ફરીયાદી માસીક રૂ. ૩૫૦૦ જેટલું ભરણ પોષણ તેઓની પત્નીને ચુકવે છે. અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આ કામના આરોપી દ્વારા આંક–૩૮ થી ફરીયાદીના પત્નીએ ફરીયાદી વિરૂધ્ધ ફો.પ.અરજ નં. ૧૬૭/૨૦૨૦ થી જે ભરણ પોષણનો કેસ દાખલ કરેલ તે કામે આ કામના ફરીયાદી દ્વારા તે કામેના સામાવાળા તરીકે આંક–૪૪ થી જે સોગંદનામાંથી પુરાવો રજુ કરેલ તેની ખરી નકલ રજુ કરેલ છે, જે વંચાણે લેતાં આ કામના ફરીયાદીએ ફો.પ.અરજ નં. ૧૬૭/૨૦ ના કામેની તેઓની જુબાનીમાં પોતે માસીક રૂપીયા પચાસ હજારની આવક મેળવતા હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે અને તે સામાન્ય જીવન ગુજારતા હોવાનું જણાવેલ છે અને તેવી કોઇ આવક ધરાવતાં ન હોવાનું જણાવેલ છે. વધુમાં, ખુદ ફરીયાદીએ તેઓની ઉલટતપાસ દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, અદાલત દ્વારા જે ભરણ પોષણ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ તે ન ભરી ન શકવાના કારણે તેઓ ઉપર જપ્તી વોરંટ ઇસ્યુ થયેલ આ સંજોગોમાં ફરીયાદી આરોપીને રૂપીયા ત્રણ લાખ જેટલી મોટી રકમ હાથઉછીની આપવા માટે આર્થિક રીતે સક્ષમ હોય તેવુ જણાતું નથી. આ તબકકે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Tedhi Singh Versus Narayan Dass Mahant, 2022 (0) AIJEL-SC 68544* ના ચુકાદાના પેરા નં. ૭ અને પેરા નં. ૯ ઉપર જાય છે, જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"7. It is true that this is a case under Section 138 of the Negotiable Instruments Act. Section 139 of the N.I. Act provides that Court shall presume that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability. This presumption, however, is expressly made subject to the position being proved to the contrary. In other words, it is open to the accused to establish that there is no*

*consideration received. It is in the context of this provision that the theory of ^probable defence' has grown. In an earlier judgment, in fact, which has also been adverted to in Basalingappa (supra), this Court notes that Section 139 of the N.I. Act is an example of reverse onus [see (2010) 11 SCC 441). It is also true that this Court has found that the accused is not expected to discharge an unduly high standard of proof. It is accordingly that the principle has developed that all which the accused needs to establish is a probable defence. As to whether a probable defence has been established is a matter to be decided on the facts of each case on the conspectus of evidence and circumstances that exist."*

*"9. The Trial Court and the First Appellate Court have noted that in the case under Section 138 of the N. I. Act the complainant need not show in the rst instance that he had the capacity. The proceedings under Section 138 of the N. I. Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the nancial capacity. To that extent the Courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, more importantly, achieve this result through the cross examination of the witnesses of the complainant. Ultimately, it becomes the duty of the Courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence."*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા હાથપરના કેસની હકીકત ધ્યાને લેતાં એ સ્પષ્ટ છે કે, અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના કેસમાં ફરીયાદીએ પ્રથમ તબકકે એ દર્શાવવાની જરૂર નથી કે, તેની પાસે આરોપીને ચેકમાં જણાવેલ રકમ હાથઉછીની આપવા માટે આર્થીક સક્ષમતા હતી, પરંતુ આરોપીપક્ષ ફરીયાદીની આર્થીક સક્ષમતા બાબતેની તકરાર માંગણા નોટીસનો જવાબ મોકલીને કે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તથા

પોતે જાતે સોગંદઉપર જુબાની આપી તથા દસ્તાવેજો રજુ કરીને અને ફરીયાદી દ્ધારા પોતે રજુ કરાયેલ પુરાવા તરફ ધ્યાન દોરીને પોતાનો સંભવીત બચાવ કે ફરીયાદી તેઓના કથન મુજબની રકમ આરોપીને હાથઉછીની આપવા માટે આર્થીક રીતે સક્ષમ નથી તે રજુ કરી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ખંડન કરી શકે છે. આ કામના આરોપીપક્ષે ફરીયાદીની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસ થકી ખુલવા પામેલ હકીકત ધ્યાને લેતાં આરોપી ફરીયાદીને તેઓના કથન મુજબની રકમ હાથઉછીની આપવા માટે આર્થિક રીતે સક્ષમ હોવાનું રજુ સંજોગો થકી માની શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપીપક્ષની એવી દલીલ કે, તેઓએ ફરીયાદી પાસેથી કોઇ હાથઉછીની રકમ લીધેલ નથી અને ફરીયાદી ચેકમાં જણાવેલ રકમ આરોપીને હાથઉછીની આપવા માટે આર્થીક રીતે સક્ષમ નથી અને ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે, તે સ્વીકારવા પાત્ર છે.

(૧૧.૩) ફરીયાદપક્ષે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે અને ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઇ આરોપીની હકીકત નથી. આ સંજોગોમાં ફરીયાદવાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે આપેલ હોવાનું પુરવાર થતું હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે. ફરીયાદપક્ષની આ દલીલ સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામના આરોપીપક્ષે ઈન્સાફી કાર્યવાહીના કોઇ પણ તબકકે ફરીયાદવાળો ચેક તેઓના બેંક ખાતાનો નથી તથા ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી નથી તેવી કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. વધુમાં, અગાઉ કરેલ ચર્ચા મુજબ રજુ સમગ્ર પુરાવા થકી આ કામના ફરીયાદીની મુળ હકીકત કે ફરીયાદીને આરોપી સાથે સંબંધ પરીચય હોય ફરીયાદીએ આરોપીને

હાથઉછીના નાણાં આપેલ તે હકીકત ખુદ ફરીયાદીની ઉલટતપાસ થકી શંકાશીલ બનેલ છે અને ફરીયાદપક્ષ તેઓની આ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, આ કામના ફરીયાદીને આ કામના આરોપી સામે તેઓને ચેકમાં જણાવેલ રકમ જેટલું કાયદેસરનું લેણું જે દિવસે ફરીયાદવાળો ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં રજુ કરેલ તે દિવસે અસ્તિત્વમાં હતું તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વધુમાં આ કામના ફરીયાદીની ઉલટતપાસ થકી ખુલવા પામેલ હકીકત મુજબ આ કામના ફરીયાદી આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/- જેટલી મોટી રકમ હાથઉછીની આપવા માટે આર્થીક રીતે સક્ષમ નથી. આ સંજોગોમાં ફરીયાદીની વર્તણુંક તથા રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં એક માત્ર ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે અને તે ચેકમાં આરોપીની સહી છે તેટલા માત્રથી ફરીયાદીને આરોપી સામે કાયદેસરનું લેણું છે અને તે કાયદેસરના દેણાની ચુકવણી માટે આરોપીએ ફરીયાદવાળો ચેક આપેલ હતો તે હકીકત પુરવાર થયેલ માની શકાય નહી, ખાસ કરીને જયારે આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું પોતાનો સંભવીત બચાવ રજુ કરી ખંડન કરેલ હોય. આ સંજોગોમાં ફરીયાદીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૧૨) આમ, ફરીયાદપક્ષે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તથા બંન્નેપક્ષે વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતાં તથા ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આ અદાલતનું સ્પષ્ટપણે માનવુ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધ જે હકીકત જણાવી આરોપી પાસેથી કાયદેસરની લેણી રકમ પેટે રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) લેવાના બાકી નિકળતાં હતાં અને તે કાયદેસરના દેવાનો સ્વીકાર કરી આરોપીએ ફરીયાદવાળો ચેક ઇસ્યુ કર્યાની હકીકત જણાવેલ છે, તે સંદર્ભે આરોપીપક્ષ પોતાનો સંભવિત બચાવ રજુ કરી આ અદાલતને

માનવા પ્રેરેલ છે કે, આ કામના ફરીયાદીને આરોપી સાથે સંબંધ પરીચય હોય આરોપીને રૂ.૩,૦૦,૦૦૦/– હાથઉછીના આપેલ તે રકમ આપવા માટે ફરીયાદી આર્થીક રીતે સક્ષમ હતાં નહી અને ફરીયાદીએ તે રકમ આરોપીને હાથઉછીની આપેલાના કોઈ સ્પષ્ટ પુરાવા રજુ કરેલ નથી. આથી, ફરીયાદીએ જે દિવસે ફરીયાદવાળો ચેક ફરીયાદી દ્વારા તેઓને બેંક ખાતામાં વસુલાત માટે રજુ કરવામાં આવેલ તે દિવસે ફરીયાદીને આરોપી પાસેથી ચેકમાં જણાવેલ રકમ કાયદેસરની લેણી પેટે લેવાની નિકળતી ન હતી અને ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે. આમ, ફરીયાદપક્ષ અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુનાના આવશ્યક તત્વો આરોપી વિરૂધ્ધ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. રજુ સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીએ ફરીયાદીના જણાવ્યા મુજબના નાણાંકીય વ્યવહાર પેટે તેઓના કાયદેસરના દેવાનો સ્વીકાર કરી હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ હોય તેવી ફરીયાદીની હકીકત રજુ પુરાવા થકી પુરવાર થતી નથી. આથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ એ સ્પષ્ટ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના કેસની હકીકત સંદર્ભે મજબુત શંકા ઉપસ્થિત કરેલ છે. આ કામના આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ફરીયાદીની ઉલટતપાસ થકી તથા સંજોગો રજુ કરી ખંડન કરેલ છે. વધુમાં કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી નિર્દોષ છે તેવું અનુમાન અદાલતે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કરવાનું હોય છે, પરંતુ કેટલાક કેસોમાં વિધાનમંડળ દ્વારા *"Doctrine of Reverse Burden"* ની જોગવાઈ કરેલ છે, એટલે કે કોઈ ફોજદારી કેસમાં શરૂઆતની હકીકત ફરીયાદી પુરવાર કરે તો કેટલાક અનુમાનો અદાલતે ફરીયાદીની તરફેણમાં તથા આરોપી વિરૂધ્ધ કરવાના હોય છે અને તે અનુમાનો અગાઉ ચર્ચા કર્યા મુજબ નિર્ણાયક પુરાવો

નથી, પરંતુ તેવા અનુમાનોનું ખંડન કરી શકાય છે. જે અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે હોય છે અને જો એક વાર આરોપી તેવા અનુમાનોનું અગાઉ ચર્ચા કર્યા મુજબની પધ્ધતિથી ખંડન કરે તો ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવો પડે. આ કામે ફરીયાદીની જુબાની તથા રેકર્ડ પરનો પુરાવો જોતાં ફરીયાદી આ કામે આરોપી વિરૂધ્ધ અધિનીયમ,૧૮૮૧ ની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈના આવશ્યક તત્વો એટલે કે ફરીયાદવાળો ચેક આરોપી ધ્વારા કાયદેસરના દેવાની ચુકવણી આપેલ હતો અને ફરીયાદીને આરોપી પાસેથી તેઓના કથન મુજબ કાયદેસરનું લેણું ચેકમાં જણાવેલ તારીખે અસ્તિત્વમાં હતું તે હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ અધિનીયમ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતાં અનુમાનોનું ખંડન ફરીયાદીની ઉલટતપાસ થકી સંજોગો દર્શાવી કરેલ છે તથા પોતાની હકીકત રજુ કરી પોતાનો સંભવિત બચાવ *"Pre-Ponderance of Probability"* ના સિધ્ધાંત મુજબ સાબિત કરેલ છે તથા આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ કલમ–૧૩૮ અન્વયેના આવશ્યક તત્વ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, બચાવપક્ષી દલીલો તેમજ ફરીયાદીની ઉલટતપાસ તથા બચાવમાં દસ્તાવેજ રજુ કરી તેના આધારે આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં અનુમાનોનું ખંડન કરેલ છે અને ફરીયાદી તેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આથી, ઉપરોકત ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક તથા મુદા નં.૨ નો જવાબ હકારાત્મકમાં આપી, મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આ ખ રી હુ ક મ :–

૧) આ કામના આરોપી રૂષભ મેટલ્સના પ્રોપરાઈટર કૃષ્ણકાંત અજુડીયા ઉ.વ. પુખ્ત, ધંધો–વેપાર, રહે. જી.આઈ.ડી.સી. ફેસ ૩, દરેડ, પ્લોટ નં. ૬૨૭, પટેલ ચોક, જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીના ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(અ) અન્વયેના રૂ.૧૫,૦૦૦/– ના અપીલ સમય સુધીના જામીન લેવામાં આવેલ છે.

૩) આ કામના આરોપીપક્ષે આંક–૪૧ થી પુરસીસ રજુ કરી એવી હકીકત જાહેર કરેલ હોય કે, ફરીયાદીની આંક–૧૨ થી અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૪૩(એ) અન્વયે વચગાળાના વળતર અંગે જે દાદ માંગવામાં આવેલ તે અન્વ્યે તા.૧૨/૦૨/૨૦૨૧ ના રોજ અદાલત દ્વારા જે હુકમ કરવામાં આવેલ તે હુકમ મુજબની કોઈ રકમ અદાલત સમક્ષ જમા કરાવેલ ન હોય કે ફરીયાદીને ચુકવી આપેલ ન હોય સદર રકમ સંબંધીત વધુ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા.૨૯ ના રોજ, મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જામનગર
તા. ૨૯/૦૫/૨૦૨૬

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
(બીજા એડી. સીની. સિવીલ જજ
અને એડી. ચીફ જયુડી. મેજી. )
જામનગર
**CODE NO.GJ 01073**

KGJ(DIRECT)